## વડીલોને વંદન અભિનંદન
### આજે જન્મદિવસ



જયેન્દ્ર એન. પરીખ
(૧૯૩૫) ફોન. ૨૩૨ ૨૯૭૧૧

# ગુજરાતના ૩૨ તાલુકાઓમાં વરસાદ

## મોસમનો કુલ વરસાદ ૪.૭૬ ઈંચ થયો : અમીરગઢમાં ૬૦ મીમી : પૂર્વ ઝોનમાં કુલ ત્રણ મીમી વરસાદ નોંધાયો

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ સહિત રાજ્યમાં આજે પણ વરસાદ પડ્યો હતો. રાજ્યના ૩૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં અમદાવાદ જિલ્લાના રાણપુરમાં ૭૦ મીમી નોંધાયો છે. અમદાવાદમાં આજે હળવા ઝાપટા પડ્યા હતા અને મોસમનો કુલ ૪.૭૬ ઈંચ વરસાદ પડ્યો છે. આજે શહેરના પૂર્વ ઝોનમાં ૩ મીમી, પશ્ચિમ ઝોનમાં ૧ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૩.૭૦ મીમી, મધ્ય ઝોનમાં ૨ મીમી, ઉત્તર ઝોનમાં ૦.૫૦ મીમી અને દક્ષિણ ઝોનમાં ૭.૧૬ મીમી વરસાદ નોંધાયો હતો. શહેરમાં બે જગ્યાએ ભૂવા પડ્યા છે. જેમાં પૂર્વ ઝોનમાં સતનામ એસ્ટેટ, નાગરવેલ હનુમાન પાસે સ્ટેટ બેંકની બાજુમાં ભૂવો પડ્યો છે અને સાવજની એસ્ટેટ, લાલગેબી સર્કલથી જશોદા ચોકડી જતા ભક્તિ પંપ રોડ પર ગટર બેસી જતાં ભૂવો પડ્યો છે. જ્યારે આંબાવાડીમાં માલવ તળાવ ગાર્ડન પાસે ઝાડ પડી ગયું છે. રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૩૨ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસ્યો છે. જેમાં અમદાવાદ જિલ્લાના રાણપુરમાં ૭૦મીમી. અને બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં ૬૦મીમી એટલે કે બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે ૭.૦૦કલાકે પૂરા થતાં ચોવીસ કલાક દરમ્યાન દાંતા, મહેસાણા, સતલાસણા, ભીલોડા, વિજયનગર, ધાનપુર, રાજકોટ, તળાજા, ચીખલી, ધરમપુર, પારડી, ઉમરગામ, વલસાડ અને ડાંગ મળી કુલ ૧૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત વિસનગર, વડાલી, કાલોલ, ધંધુકા, બોરસદ, જાંબુઘોડા, ગરબાડા, ચોટીલા, ચુડા, રાજુલા, બોટાદ, ઉમરાળા, વાલોડ, કામરજ, મહુવા, વાંસદા અને કપરાડા મળી કુલ ૧૭ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ પાણી પડ્યું હોવાના અહેવાલો સાંપડ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યનો સરેરાશ વરસાદ ૧૫.૭૩ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ રીજીયનમાં ૨.૧૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૨૦ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૩ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૧૬ ટકા જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૯ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૮૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૬૨ ટકા નોંધાયુ હતું.



નળસરોવર બર્ડ અભ્યારણ વિસ્તારમાં ફ્લેમીંગો આવી પહોંચ્યા છે.

## ધારી ખાતે દિપડાએ માસુમ બાળકને ફાડી ખાતા દહેશત

અમદાવાદ, તા.૧૩

ધારી તાલુકાના માલસીકા ગામે માનવભક્ષી દિપડાએ અઢી વર્ષના બાળકને ફાડી ખાધો હોવાની સનસનાટીભરી ઘટના બનવા પામી છે. જેને પગલે વન વિભાગે તાબડતોબ દીપડાને પકડી પાડવા પાંજરાઓ ગોઠવવાની કામગીરી હાથ ધરી છે.

વિગત એવી છે કે ધારી ગીરપૂર્વના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ચારેક માસમાં નરભક્ષી દિપડાઓએ ચાર વ્યક્તિઓનો શિકાર કરી ફાડી ખાધા હતાં. વનવિભાગે આ ચાર દિપડાઓને તો પાંજરે પૂરી દીધા છે. પરંતુ જંગલમાંથી દિપડાઓ માનવ વસાહત તરફ નીકળવા લાગ્યા હોય તેમ ગત રાત્રિના ધારી તાલુકાના માલસિકા ગામે ઘરમાં સૂતેલા આશરે અઢી વર્ષના બાળકને દિપડાએ ઉપાડી જઈને ફાડી ખાતા ગામમાં ફફડાટ ફેલાયો છે. બાળકને દિપડાએ ફાડી ખાવાની આ ઘટના ગતરાત્રિના ધારીના માલસિકા ગામે બની હતી. જ્યાં ભીમભાઈ વાઘેલાના ઘરમાં રાત્રિના પરિવાર સૂતો હતો ત્યારે અચાનક રાત્રિના દિપડો ત્યાં આવી ગયો હતો.

## સમાચાર ઝલક

- અમરનાથમાં હિમલિંગ અદશ્ય થવાને આરે.
- રાહુલ ગાંધી મારી દીકરી સાથે લગ્ન કરે તો દહેજમાં ૧૫ કરોડ રૂપિયા આપું : જયપુરનો એક રહેવાસી.
- ગુજરાતમાં ૧૬ લાખ હેકટરમાં વાવણી પૂર્ણ, સર્વત્ર વરસાદથી પ્રજા-ખેડૂત ખુશખુશાલ.
- ૨૦,૦૦૦ પત્રકારો ઓલિમ્પિક્સ ખેલ મહાકુંભનું કવરેજ કરશે.
- રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ ડીઝલની કિંમત વધશે.
- ઉત્તર ભારત-પાકિસ્તાનનાં ઘણાં ભાગોમાં તીવ્ર ભૂકંપ.
- નાઈજિરિયામાં પેટ્રોલ ટેંકરે પલટી ખાધી, પરિણામે પેટ્રોલ ચોરતાં ૧૦૦ જણાંનાં મોત નીપજ્યાં.
- મહારાષ્ટ્ર ગુટકા પર પ્રતિબંધ મૂકતું તૃતીય રાજ્ય બન્યું.
- બોલીવુડના ફિલ્મ પ્રોડ્યુસર પ્રકાશ ચંદનાનીની અમદાવાદનાં વિમાની મથકથી ધરપકડ.
- મને જિંદગીએ ઘણું બધું આપ્યું છે, કોઇ ફરિયાદ નથી : સ્વ. દારાસિંઘ.
- ઉત્તરપ્રદેશમાં એક ગામના પંચ (પંચાયત) નું અનોખું ફરમાન, ૪૦ વર્ષ સુધીની મહિલાઓને બજારમાં જવા, મોબાઇલ વાપરવાં પર પ્રતિબંધ.
- વગર મંજૂરીએ સેબી ૫ વર્ષથી સૌના ફોન કોલ્સની જાસૂસી કરે છે.
- ટોમ ક્રૂઝને છૂટાછેડા ૨.૭૮ અબજમાં પડશે.
- આ છે બ્રિટનની સૌથી તરસી યુવતી ! રોજનું ૨૧ લીટર પાણી પીવે છે, ૪૦ વખત લઘુ શંકા જાય છે.
- ૫૦ ટકા ભારતીય મહિલાઓનું માનવું છે કે તેમનું વર્તમાન શેમ્પુ વાળને ગાઢ બનાવવામાં અસરકારક નથી : એક સર્વે.

## વિકાસમાં માઇનીંગ ક્ષેત્રની અતિ મહત્વની ભૂમિકા છે

અમદાવાદ, તા.૧૩

માઈનીંગ પર્યાવરણ અને સીએસઆર- હાલનું વલણ અન ભાવિ ચિત્ર વિષયે અમદાવાદમાં યોજાયેલા બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારને સંબોધતાં ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર વી. એસ. ગઢવીએ જણાવ્યું હતું કે,દેશના આર્થિક વિકાસમાં માઈનીંગ ઈન્ડસ્ટ્રીઝની મહત્વની ભૂમિકા રહી છે. દેશમાં માઈનીંગ ઈન્ડસ્ટ્રીઝ ઝડપથી વિકસી રહી છે ત્યારે તેના સંદર્ભે માઈનીંગ સેક્ટરમાં સામાજિક-આર્થિક સુધારા, મીનરલ પોલીસી, પર્યાવરણીય પાસાઓ, ટેકનીકલ અપગ્રેડેશન,વ્યવસાય કુનેહ અને મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ પડકારો અને ઉપાયો અંગે આ ક્ષેત્રના અનુભવી-નિષ્ણાતો અને નીતિ-નિર્ધારણ કર્તાઓના સામૂહિક મનોમંથન અને દિશા નિર્દેશ માટે આ સેમિનાર મહત્વપૂર્ણ બની રહેશે. માઈનીંગ એન્જીનીયર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા અને જીએમડીસીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેમિનારમાં વૈશ્વિક મૂડીરોકાણ મેળવવા જાન્યુઆરી-૧૨માં ગુજરાતમાં યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૧૩નો ઉલ્લેખ કરીને વી. એસ. ગઢવીએ જણાવ્યુંહતું કે, આ સમીટના ભાગરૂપે જીએમડીસી દ્વારા ડિસેમ્બર-૧૨ના બીજા પખવાડિયામાં સ્ટોન ઈન્ડસ્ટ્રીઝ અંગે રાષ્ટ્રીય સેમિનાર યોજાશે.

## શબ્દાવલી - ૪૭૮૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | |
| ૫ | | ■ | ■ | ૬ | | | ■ |
| ૭ | | | ૮ | ■ | | ■ | ૯ |
| ૧૦ | | ■ | ૧૧ | | | ■ | |
| ■ | ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | | | | ■ | ૧૫ | ■ | |
| | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | | ■ | ૨૦ | | | |

**આડી ચાવી**

૧. રસ્તો ભુલેલો, અવળે માર્ગે વળેલું (૪)
૩. શાન, મોભો, દમામ (૩)
૫. સહેજ ઓછું (૨)
૬. આગતા - સ્વાગતા (૩)
૭. કોઈ દુઃખ ના હોય તો બધા એવું કહે કે અમારે તો... ને પ્રજા સુખી (૪)
૧૦. નમેલુ (૨)
૧૧. બગડેલું કાઢવું તે, ... કાઢવો (૩)
૧૨. અવાજ (૨)
૧૩. નાગ, સર્પ (૨)
૧૪. એક વાદ્ય (૪)
૧૬. મોંઘી નહીં તેવી (૨)
૧૭. વમળ, પાણીના ગોળ કુંડાળા (૩)
૧૯. બોટ, જહાજ (૩)
૨૦. સારી રીતે સાચવવું તે (૪)

**ઊભી ચાવી**

૧. જીવન ગુજારો (૪)
૨. સમારકામ, રીપેરીંગ (૪)
૩. સગવડનું વિરોધી (૪)
૪. મુસ્કુરાહટ (૨)
૮. બળજબરી (૫)
૧૨. સુહાગણ, સૌભાગ્યવતી (૪)
૧૪. ... નાખવો, ઉતારો કરવો (૩)
૧૫. કર્ણને ... અને કુંડળ જન્મજાત મળેલા (૩)
૧૮. પ્રેમ, પ્યાર (૨)

### શબ્દાવલી ૪૭૮૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) મદાર (૩) મલમ (૫) દન (૬) ગફલત (૮) રમ (૧૦) ખપ (૧૨) નકલ (૧૩) ગરિમા (૧૪) નભ (૧૫) યુક્તિ (૧૬) દાપુ (૧૭) વરસ (૧૯) કાજલ (૨૦) જાગરણ

**ઊભી ચાવી :-** (૧) મન (૨) રગ (૩) મલમલ (૪) લત (૫) દરાખ (૭) ફરક (૯) ઉલટ પુલટ (૧૧) પગભર (૧૨) નમાયુ (૧૪) નવરો (૧૬) દાજ (૧૮) સજા (૧૯) કાણ

# રાજ્યમાં ગૌચર જમીન વિવાદ જોર પકડે તેવી પ્રબળ શક્યતા

## રાજ્યની સરકાર રાજ્યમાં ખેતીલાયક જમીન સામાજિક હેતુ માટે આપવાનું વિચારી રહી છે ત્યારે નવી ચર્ચા શરૂ

અમદાવાદ, તા.૧૩

શુક્રવારથી ગૌચરની જમીન રક્ષાશક્તિ યુનિવર્સિટીને આપવાના મુદ્દે લવાડ ગામના લોકો ઉપવાસ આંદોલન શરૂ કરી ચૂક્યાં છે ત્યારે મોદી સરકારના વિચારણા હેઠળના ગૌચર જમીનનાં નિર્ણયને કારણે રાજ્યમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. જેને જોતા રાજ્યમાં ગૌચર જમીન ફરીથી જોર પકડે તેવી શક્યતા છે.

ગુજરાત સરકાર નવી ગૌચર નીતિ અમલમાં મૂકવા જઈ રહી છે ત્યારે બીજી બાજુ મોદી સરકારના વિચારણા હેઠળના ગૌચરના જમીનમાં નિર્ણયને કારણે રાજ્યમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. જેને જોતા રાજ્યમાં ગૌચર જમીન ફરીથી જોર પકડે તેવી શક્યતા છે. ત્યારે મોદી સરકાર રાજ્યમાં ખેતીલાયક જમીન સામાજિક હેતુ માટે આપવાનું વિચારી રહી છે.

આ અગાઉ રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા એક નિર્ણય પ્રમાણે આરોગ્ય અને શૈક્ષણિક હેતુ માટે ખેતીની જમીન ઉપર બાંધકામ કરવાની છૂટ આપવામાં આવી છે જેના માટે અરજદાર સંસ્થાએ કલેક્ટરને માત્ર લેખિત જાણ કરવાની રહે છે. આ કામ માટે સંસ્થાએ પૂર્વ મંજૂરી લેવાની જરૂર પણ રહેતી નથી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ખેતીની જમીન સામાજિક સંસ્થાઓ પોતાના કામ માટે વાપરી શકે તેવી મંજૂરી આપતો એક પ્રસ્તાવ મહેસૂલ વિભાગે તૈયાર કરી કેબિનેટ સમક્ષ મંજૂરી માટે મૂક્યો છે. તેના ઉપર ગણતરીના દિવસોમાં નિર્ણય થવાની શક્યતા છે. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે આ નવો પ્રસ્તાવ મંજૂર થશે તો ખેડૂતો ખેતીલાયક અને ગૌચર જમીન બચાવવાના મુદ્દે સરકાર સામે સંઘર્ષનો માર્ગ લઈને ચૂંટણી ટાણે નવા વિવાદ સર્જશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ખેતીલાયક જમીન ઉદ્યોગો સહીતના અન્ય હેતુઓ માટે ફાળવામાં આવતી હોવાથી ઘટી રહી હોવાની દહેશત વારંવાર વ્યક્ત કરવામાં આવે છે. રાજ્યના ૧૦ જિલ્લાના ૪૨૪ ગામો પાસે ગૌચરની એક ઈંચ જમીન બચી નથી. રાજ્ય સરકારની પોતાની નીતિ પ્રમાણે ૩૯.૫૬ લાખ હેક્ટર જમીન ગૌચર માટે જરૂરી છે. જો કે ૧૯૬૦થી સ્થિર થયેલા આંકડા પ્રમાણે રાજ્યમાં લગભગ ૮.૫ લાખ હેક્ટર જમીન જ ગૌચર માટે છે.

# ભાજપની સરકારે માછીમારો માટે સબસિડી બંધ કરી દીધી

## કોંગ્રેસની કિનારા બચાવ યાત્રા દરમિયાન ગુજરાત ભાજપ સરકાર સામે કોંગીના પ્રહારો

અમદાવાદ, તા.૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા કિનારા બચાવ યાત્રામાં ભરૂચ જિલ્લાના હાંસોટ ખાતે દરિયાકાંઠાના નાગરિકોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં માછીમાર ભાઈઓને જે સબસીડી આપવામાં આવતી હતી તે ભાજપના શાસનમાં બંધ કરી છે. માછીમાર ભાઈઓ માટેનો કેરોસીન ક્વોટા, ૨૫૦ થી ૩૦૦ લીટર મળતો હતો, તે ભાજપના શાસનમાં ફક્ત ૮૦ લીટર જ મળે છે. બાકીનો કેરોસીનનો જથ્થો ભાજપ આશ્રિત કાળાબજારીયા ખુલ્લા માર્કેટમાં વહેંચીને કરોડો રૂપિયા ઉઘરાવી લે છે. કોંગ્રેસના શાસનમાં માછીમારોને જે ડીઝલ પર સબસીડી આપવામાં આવતી હતી તે ભાજપના શાસનમાં બંધ કરી દીધી છે. રૂા. ૧૦૦ના પેટ્રોલ-ડીઝલના રૂા. ૨૫ જેટલો વેરો ભાજપ સરકાર ઉઘરાવે છે. ૧૭ વર્ષના શાસનમાં ભાજપ સરકાર એક પણ ડેમનું ખાતમુહૂર્ત કર્યું નથી. નાની મોટી એક પણ સિંચાઈ યોજના ન થવાને કારણે ગુજરાતના નાના ખેડૂતો હેરાન પરેશાન થઈ રહ્યા છે. મોઢવાડિયાએ કોંગ્રેસ પક્ષ કિનારા બચાવ યાત્રામાં ભરૂચ ખાતે ભાજપના જુઠ્ઠાણાં અંગે જણાવ્યું હતું કે, ભાજપના શાસકોએ ગૌચર જમીન, જંગલ અને હવે દરિયો વેચવા કાઢ્યો છે. મળતિયા ઉદ્યોગપતિઓ સાથે મોટાપાયે ભ્રષ્ટાચાર કરીને દરિયા કાંઠે ઉદ્યોગો સ્થાપવાની મંજૂરી આપવામાં આવે છે. જેનાથી ગુજરાતનો ઉત્તમ દરિયા કિનારો સંપૂર્ણપણે પ્રદૂષિત બની ગયા છે.

# હવે સિવિલની લેબોરેટરીમાં સીબીઆઇનું સર્ચ ઓપરેશન

અમદાવાદ, તા.૧૩

એચ.આઈ.વી. કાંડમાં સીબીઆઈએ ધામા નાંખ્યા બાદ આજે સિવિલ હોસ્પિટલની લેબોરેટરીમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. આ ઉપરાંત સીબીઆઈએ સર્વોદય બ્લડ બેંકમાં પણ ચેકીંગ હાથ ધરી અનેક દસ્તાવેજી પુરાવા કબજે કર્યા હોવાની ચર્ચા થઈ રહી છે. વિગત એવી છે કે ૨૩ થેલેસેમિક બાળકોને જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા એચઆઈવી લાગુ પડ્યાની ઘટનો સમગ્ર ગુજરાતમાં ખળભળાટ મચાવી દીધો હતો. બાદમાં આ પ્રકરણમાં ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થઈ હતી. અને છેલ્લે હાઈકોર્ટે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. જેને પગલે ગઈકાલે ગાંધીનગર સ્થિત સીબીઆઈનાં ડીવાયએસપી કે. એસ. લોચબ તેમનાં બે સહાયકોને લઈને જૂનાગઢ પહોંચ્યા હતા. સીબીઆઈએ સિવિલ સર્જનનું નિવેદન લીધુંહતું. સીબીઆઈની ટીમે લગભગ અઢી કલાક સુધી બંધ બારણે પૂછતાછ કરી હતી. બાદમાં ડીવાયએસપી સાથે રહેલા તેમનાં સહાયકે ઓર્થોપેડિક વોર્ડની બહાર મશરૂ સાથે ચર્ચા કરી હતી. ત્યાંથી મશરૂ સાથે સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં ગયા હતા. ત્યાંથી સાત મિનીટમાં બહાર નીકળી ગયા હતા. મહેન્દ્ર મશરૂને તેઓએ એક કાગળ આપી સર્વોદય બ્લડ બેંકનો રજીસ્ટ્રેશન નંબર, ક્યારે શરૂ થઈ એ સહિતની કેટલીક માહિતી માંગી હોવાનું મહેન્દ્ર મશરૂએ જણાવ્યું હતું. આજે પણ સીબીઆઈની ટીમ દિવસ દરમ્યાન સિવિલ હોસ્પિટલમાં હાજર હતી અને સીવીલ સર્જનનું ફરીથી નિવેદન નોંધ્યું હતું.અને સિવિલ હોસ્પિટલની લેબોરેટરીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.આ ઉપરાંત સર્વોદય બ્લડ બેંકમાં પણ તપાસ હાથ ધરાઈ હતી.

## વણસતી સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં જી.ઈ.બી. કોલોની બાદ આ નવા સેક્ટરોમાં ઉભી થયેલી પરિસ્થિતિને પગલે તંત્ર હજુ કોઈ ચોક્કસ કારણ પર પહોંચી શકી નથી. આ વિસ્તારોમાં આવેલા પાણીના અન્ય સ્ત્રોતો પર પણ ચકાસણી અને તપાસની કામગીરી ચાલુ હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર શહેરના સે. ૬ અને ૧૪ના વિસ્તારોમાં ઉદ્ભવેલી આ સ્થિતિનો પડઘો મહાનગરપાલિકાની આગામી બેઠકમાં પડે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

## સુધારા રજૂ કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે ત્રીજો પ્રસ્તાવ ભાજપના શ્રી સુરેશ મહેતાએ રજુ કર્યો છે. જેમાં સે. ૬ અને ૧૪માં વકરતી જતી રોગચાળાની સ્થિતિને કાબુમાં લેવા સરકારની મદદ માંગવા તેમજ આ વિસ્તારોમાં ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની વાત રજુ કરવામાં આવી છે.

ભાજપના શ્રી સુરેશ મહેતાએ રજુ કરેલા આ પ્રસ્તાવને શ્રી કાર્તિક પટેલ, આશિષ દવે, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રીમતિ રમીલાબેન પરમાર અને શ્રીમતિ પ્રવિણાબેન દરજીએ સમર્થન આપ્યું છે.

આમ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં સે. ૬ અને ૧૪મી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વકરતો રોગચાળો તેમજ હેલ્થ એન્ડ સેનીટેશનની મોબાઈલ કોર્ટની દરખાસ્તમાં સુચવાયેલા સુધારાઓને પગલે ઉગ્ર ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

ભાજપે આજે આ ત્રણેય દરખાસ્તો મ્યુનિ. તંત્રને આપી દીધી છે. શહેરમાં સફાઈના મુદ્દે તંત્રને આ બેઠકમાં આડે હાથ લેવા માટેની વ્યુહરચના વિપક્ષ તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે.

## ગુજરાત મોખરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગરીબો હતા જે ઘટતી ૨૦૦૯-૧૦માં ૯૧.૬ લાખ ગરીબો છે. એટલે કે ગ્રામિણ ગરીબીની સંખ્યામાં પણ ૩૬.૯ લાખનો ઘટાડો થયો છે.

ગરીબીના આંકડા અંગેની બાબતે આયોજન પંચ ભારત સરકારના માર્ચ-૨૦૧૨ની પ્રેસનોટમાં આવેલ આંકડા જ આખરી ગણવાના રહે છે. ગુજરાતનો GDP બિહાર, છત્તીસગઢ, દિલ્હી અને પોંડીચેરી કરતાં પણ ઓછી છે તેની સ્પષ્ટતા કરતાં વધુમાં જણાવાયું છે કે, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૦ વર્ષમાં શાસનકાળ દરમ્યાન રાજ્યના અર્થતંત્ર અને વહીવટીતંત્રને રાજકીય સ્થિરતાના કારણે એક નવી દ્રષ્ટિ અને માર્ગદર્શન પ્રાપ્ત થયેલ છે. જેને કારણે ગુજરાતે વિકાસના દરેક ક્ષેત્રો જેવા કે, કૃષિ, ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, શિક્ષણ વિગેરેમાં અવનવી સિદ્ધિ હાંસલ કરી છે.

નવમી પંચવર્ષીય યોજનામાં રાજ્યનો વિકાસ દર ફક્ત ૨.૮ ટકા જ હતો. જ્યારે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળના ૧૦ વર્ષ એટલે કે, ૨૦૦૨-૨૦૧૨ દરમ્યાન ૧૦.૪ ટકાનો વિકાસદર હાંસલ થયેલ છે. જે સમગ્ર રાષ્ટ્રમાં સૌથી વધારે ગણી શકાય. જ્યારે વિકાસની વાત કરતા હોઈએ ત્યારે અર્થતંત્રના કદની પણ વાત કરવી જોઈએ. ગુજરાતની વર્ષ ૨૦૧૦-૧૧ની GSDP સ્થાયી ભાવ મુજબ રૂ. ૩૬૫૨૯૫ કરોડની હતી, જે રાષ્ટ્રના અર્થતંત્રમાં ૭.૪૮ ટકાનો હિસ્સો ધરાવે છે. જ્યારે બિહારની વર્ષ ૨૦૧૦-૧૧ની GSDP સ્થાયી ભાવ મુજબ રૂ. ૧૪૪૪૭૨ કરોડની હતી, જે રાષ્ટ્રના અર્થતંત્રના ૨.૯૬ ટકા, તેવી જ રીતે છત્તીસગઢની ૧.૬૨ ટકા, પોંડીચેરીની ૦.૨૧ ટકા GSDP હતી. આમ બિહાર, છત્તીસગઢ અને પોંડીચેરીની GSDP કરતાં ગુજરાતની ઘણી વધારે GSDP છે, જેનો રાષ્ટ્રના અર્થતંત્રમાં ઘણો મોટો હિસ્સો હોવાથી ગુજરાત રાષ્ટ્રના વિકાસનું એન્જીન બની રહેલ છે.

## એજન્સી સામે પગલાં લેવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ તેમજ એડમીશન્સ કમિટી ફોર મેડીકલ પ્રોફેશનલ કમિટીને પણ વિદ્યાર્થીઓના સુધારેલા ગુણોનો ડેટા પહોંચતો કરવામાં આવ્યો છે. જયારે પ્રવેશ પ્રક્રિયાના મેરીટ લીસ્ટમાં પણ આ મુજબનો જરુરી સુધારો કરી દેવાયો હોવાનું જણાવ્યુંછે. વધુમાં પરિણામ સાથે ચેડા થયા હોવાની ગંભીરતાને ધ્યાને લઈ પરિણામ તૈયાર કરતી ખાનગી એજન્સીને પણ ત્વરિત અસરથી દૂર કરી દેવાઈ છે. જયારે આ મામલે યોગ્ય અને ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું પણ બોર્ડના અધ્યક્ષે જણાવ્યુંછે.